# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : વીરલ રાણા

## કોમ્પ્યુટરરાઈઝ : પરેશ મારૂ

તારીખ : ૩-૩-૨૦૨૧ સમય : સવારે ૬.૫૦ કલાકે

-----------------------------------------------------------------

## રાજ્ય ચૂંટણી પરિણામ

ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકાની ચુંટણીના પરિણામો ગઈકાલે જાહેર થયા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક જીત મેળવી છે જેમાં તમામ ૩૧ જિલ્લા પંચાયત ૧૯૬ તાલુકા પંચાયત જ્યારે ૭૫ નગરપાલિકાઓ ભાજપે કબ્જે કરી છે. જેમાં તાલુકા પંચાયતની ૪૭૭૪ બેઠકોમાંથી ૩૩૫૪ બેઠકો .૫૨ તો જીલ્લા પંચાયતની ૯૮૦ બેઠકોમાંથી ૭૯૯ ઉપર અને નગરપાલિકાની ૨૭૨૯ બેઠકોમાંથી ૨૦૮૬ બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીની જીત થઈ છે. વર્ષ ૨૦૦૫ના પરિણામની સુરખામણીએ આ વખતે કોંગ્રેસને ઘણી બધી બેઠકો ગુમાવવી પડી છે. વિરોધ પક્ષનો સ્થાન લેનાર આમ આદમી પાર્ટીએ સ્થાનીક સ્વરાજ્યની આ ચૂંટણીમાં પણ શાનદાર પ્રદર્શન કરીને કોંગ્રેસને બદલે બીજી પાર્ટી તરીકે પ્રસ્થાપતિ કરી છે. ચૂંટણીના પરિણામ જાહેર થાય બાદ ભાજપના કાર્યકર્તાઓમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. કાર્યકર્તાઓએ ઠેર ઠેર ઉજવણી કરી હતી. .

વીરલ રાણા

------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-ગૃહમંત્રી પ્રતીભાવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની જીત બદલ મતદારોનો આભાર માન્યો છે. પોતાના ટ્વીટમાં શ્રી મોદીએ કહ્યું છે કે ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો એ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ભાજપના વીકાસ અને સુશાસનના એજન્ડાનું દ્રઢતાપૂર્વક સમર્થન ગુજરાત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ભાજપ પ્રત્યેની અવિરત શ્રધ્ધા અને સ્નેહ માટે ગુજરાતની જનતાને નામન કરે છે. ગૃહમંત્રી અમિત શાહે પણ ભાજપને બહુ મોટી જીત આપવા બદલ ગુજરાતના મતદારોનો

આભાર માનતું ટ્વીટમાં તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રી મોદીના વિકાસને સમર્પીત નેતૃતવમાં વિશ્વાસ વ્યક્ત કરવા લોકોએ ભાજપને જીત આપી છે. શ્રી શાહે ભાજપના અદના કાર્યકરોની મહેનતને આ વિજયનો યશ આપ્યો છે. .

.

વીરલ રાણા

-----------------------------------------------------------------------------------------

## નિતીન પટેલ-વિધાનસભા

ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ આજે નવમી વખત આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર ગૃહમાં રજૂ કરશે. પહેલી માર્ચથી ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર શરૂ થઈ ગયું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના પ્રવચન સાથે શરૂ થયેલી બેઠકમાં શોકદર્શક ઠરાવ દ્વારા સદગત સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજ્યનું અંદાજપત્ર સત્ર પહેલી એપ્રિલ ૨૦૨૧ સુધી ચાલશે. .

વીરલ રાણા

-----------------------------------------------------------------------------------------

## કોંગ્રેસ રાજીનામા

કોંગ્રેસ હાઈકમાને ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને વિધાનસભા પક્ષના નેતાઓના રાજીનામા સ્વીકારી લીધા છે. પંચાયતો અને નગરપાલિકાઓની ચૂંટણીઓના પરિણામો બાદ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડા અને કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા પરે શધાનાણીએ પોતાના પદ ઉપરથી રાજીનામા આપી દીધા હતા. કોંગ્રેસના સુત્રોના જણાવ્યા અનુસાર આ બંને નેતાઓના રાજીનામા પક્ષના હાઈકમાન્ડ દ્વારા સ્વીકારી લેવાયા છે. ચાલુ મહિનાના અંત સુધીમાં નવા નેતાની જાહેરાત થશે. .

વીરલ રાણા

-----------------------------------------------------------------------------------------

## ચૂંટણી પરીણામ

કચ્છ જિલ્લા પંચાયત, દસ તાલુકા પંચાયત અને પાંચ નગરપાલિકાની યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટાભાગની પંચાયત-નગરપાલિકામાં ભાજપનો વિજય થયો છે. જોકે લખપત અને અબડાસા તાલુકા પંચાયતમાં કોંગ્રેસે બે બેઠક સાથે બહુમતિ મેળવી છે. જિલ્લાના એક પછી એક ગણતરી કેન્દ્રો પરથી વિજય સરઘસો સાંજ સુધી ફુલહાર, ઢોલ-ડીજે તથા ગુલાબની છોડો સાથે નિકળ્યા હતા. કચ્છ જિલ્લા પંચાયતની ૪૦ બેઠકોમાંથી ૩૨ બેઠકો ભાજપે મેળવતા ભાજપ બે દાયકાથી સત્તા પર છે તો કોંગ્રેસ માત્ર ૮ બેઠકો જ જાળવી છે. જિલ્લાની કુલ ૪૪૦ બેઠકની ચૂંટણીમાં ભાજપને ૩૪૪, કોંગ્રેસને ૯૪ બેઠકો જીતવામાં સરળતા મળી છે. ગાંધીધામ તાલુકા પંચાયતની એક બેઠક આપના ઉમેદવાર તેમજ માંડવી તાલુકા પંચાયતના તલવાણા બેઠકમાં અપક્ષ .મેદવારે વિજય મેળવીને મુખ્ય રાજકીય પક્ષોને ચોકાવાની સાથે સ્થાનીક સ્વજરાજ્યની સંસ્થામાં ખાતું ખોલાવ્યું હતું.

કચ્છના પાંચ શહેરની જનતાએ વધુ એકવાર ભાજપના શાસન પર વિશ્વાસ વ્યક્ત કરી જ્વલંત વિજય અપાવ્યો છે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી અને મુન્દ્રા-બારોઈ નગરપાલિકાની ૧૯૬ બેઠકો પૈકી ૧૬૮ બેઠકો ભાજપે કબ્જે કરી છે. છ બેઠકો ચૂંટણી અગાઉ જ ભાજપની તરફેણમાં બિનહરીફ જાહેર થયેલી છે. કોંગ્રેસના માત્ર ૨૮ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. અંજારમાં માત્ર એક જ બેઠક મળી છે. અંજાર નગરપાલિકાની ૩૬ બેઠકમાંથી ભાજપે ૩૫ બેઠક પર વિજય મેળવ્યો છે. માંડવી પાલિકાની કુલ ૩૬ બેઠકો પૈકી ૩૧ બેઠકો ભાજપે તો કોંગ્રેસને પાંચ બેઠકો મળી છે. સૌથી વધુ ૭૦ ટકા મતદાન થયું હતું જે ભાજપને ફળ્યું છે. ૨૮ બેઠકો પૈકી ૧૯ ભાજપ અને કોંગ્રેસે ૯ બેઠકો જીતી છે. ગાંધીધામ નગરપાલિકામાં કુલ પર બેઠકો પૈકી ૪૭ બેઠકો પર ભાજપે તો કોંગ્રેસે પાંચ બેઠકો પર વિજય મેળવ્યો છે.

ભુજ નગરપાલિકામાં ૪૪ બેઠકો પૈકી ભાજપે ૩૨ બેઠકો અને કોંગ્રેસે ૮ બેઠકો પર વિજય મેળવ્યો છે. ચાર બેઠકો ચૂંટણી પૂર્વે ભાજપ તરફી બિનહરીફ જાહેર થઈ હતી. ભુજમાં આમ આદમી પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. .